સુવિચાર : લોકોની સફળતા જોઈને દુઃખી થવાની જરુર નથી, એ તો એ જ જાણે છે કે શું શું ગુમાવ્યું છે સફળ થવા - ધ્રુવ દેસાઈ

તાપમાન
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૫ | ૫ ઓક્ટોબર, ૨૦૧૫, સોમવાર ; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ટ્રાન્સપોર્ટ હડતાળ ચોથા દિવસે યથાવત

**શાકભાજી, દૂધ અને દવા સહિત જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો ઠપ : અચોક્કસ મુદ્દતની ૪ દિનની હડતાળથી ટ્રકર્સને આશરે ૬૦૦૦ કરોડ અને સરકારને ૪૦૦૦૦ કરોડનું નુકાસન : આજે નીતીન ગડકરી સાથે બેઠક યોજાશે**

અમદાવાદ,તા. ૪

ટ્રાન્સપોર્ટરોની આજે ચોથા દિવસે પણ યથાવતરીતે જારી રહી હતી જેથી દેશના જુદા જુદા ભાગોમાં ચીજવસ્તુઓનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. આવતીકાલથી શાકભાજી અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના પુરવઠાને ખોરવી નાંખવાની વાત પણ ટ્રકર્સ દ્વારા કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા હડતાળની હાકલ કરવામાં આવી છે. વર્તમાન ટોલ કલેક્શન વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગણીને લઈને આ હડતાળ પાડવામાં આવી છે. ટ્રક ચાલકોનું કહેવું છે કે, આના કારણે ટ્રક ચાલકોને ઘણી મુશ્કેલી થઈ રહી છે. ટોલ વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગ થઈ રહી છે. ઉપરાંત વન ટાઈમ ટેક્સ પેમેન્ટની પણ માંગ કરવામાં આવી છે. ટીડીએસની પ્રક્રિયાને વધુ સરળ કરવાની માંગ પણ કરવામાં આવી રહી છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના પ્રમુખ ભીમ વાધવાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, અમે અમારી હડતાળને જારી રાખીશું. સરકાર પ્રેક્ટિકલ ઉકેલ શોધી કાઢે તે જરૂરી છે. અમે ટોલ ચુકવવાની વિરુદ્ધ નથી પરંતુ વાર્ષિક આધાર પર તેની ચુકવણી કરવામાં આવે તેમ અમે ઈચ્છીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દરમિયાનગીરીની પણ માંગ કરવામાં આવી છે.

વાધવાનું કહેવું છે કે, આવતીકાલે ઉકેલ શોધી કાઢવાના હેતુસરત માર્ગ પરિવહન અને રાજમાર્ગપ્રધાન નીતીન ગડગરી સાથે આ મુદ્દે વાતચીત કરવામાં આવનાર છે. ગડકરીએ પહેલાથી જ કહ્યું છે કે, સરકાર ટોલને નાબૂદ કરી શકે નહીં. કારણ કે, આશરે ૩૨૫ ટોલ બૂથ પૈકીના અડધા ખાનગી પાર્ટીઓના જે સરકાર પાસેથી જંગી ક્લેઈમની માંગ કરે છે. ટ્રકર્સના પ્રતિનિધિઓ અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ સેક્રેટરી વિજય છિબર વચ્ચે વાતચીત ગઈકાલે યોજાઈ હતી પરંતુ આ વાતચીત ફ્લોપ રહી હતી.




# ભાજપ રાજધર્મ નિભાવે : શંકરસિંહ

ગાંધીનગર, તા.૪

ગોધરાકાંડ બાદના દિવસો કરતાં પણ ખરાબ પરિસ્થિતિ અત્યારે રાજયમાં હોઈ તો રાજય સરકાર સીધો જ રાજધર્મ બજાવીને વિધાનસભા ભંગ કરી દે તેમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

રાજયમાં કાયદો અને પરિસ્થિતિની સમીક્ષા કરીનો ત્યારબાદ ચૂંટણી કરાશે ત્યાં સુધી મોકુફ રાખવાના રાજય ચુંટણી પંચે કરેલા નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ



ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે આ સરકાર ડબલ સ્ટાન્ડર્ડ છે. આજના પી.એમ. જયારે ગુજરાતમાં સી.એમ. હતા ત્યારે વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ ચૂંટણી પંચને એક પત્ર લખીને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની

**કાયદાકીય કાર્યવાહી સહીત તમામ કાર્યવાહી કોંગ્રેસ કરશે : ભરતસિંહ સોલંકી**

પરિસ્થિતિ સારી હોઈ ચૂંટણી પાછી ઠેલવવાની કે મોકુફ રાખવાની જરુર નથી એવું કહ્યું હતું.

આજે જયારે રાજયમાં કોઈ કારણ નથી છતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું કારણ ધરી અને મતદારો ન્યાયીક અને મુકત રીતે મતદાન કરી શકે તેમ ન હોઈ ચૂંટણી મોકુફ રાખવાનો નિર્ણય કર્યો છે. જો ખરેખર ગોધરાના દિવસો કરતાં પણ ખરાબ દિવસો અત્યારે હોઈ તો ભાજપ સરકારે સીધો જ રાજધર્મ નિભાવી વિધાનસભા ભંગ કરી દે એ વિપક્ષી નેતાએ જણાવ્યું હતું. ગુજરાતમાં ભાજપની હાર નક્કી છે એટલે પી.એમ.ઓ.ના સંચાલનથી સી.એમ.ઓ. ઉપર સ્તાનિક સ્વરાજયની ચૂંટણી આઘું પાછું ઠેલાવ્યું છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતુ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપની હાર નિશ્ચિત હતી અને આ હારના પરિણામની સીધી અસર બિહાર ચૂંટણી પર પડે તેમ હોઈ ભાજપે આ ચૂંટણીઓ પાછી ઠેલી છે.

## પેટ્રોલ, ડીઝલ પુરવઠો પણ સૌરાષ્ટ્રના ટ્રકર્સે બંધ કર્યો છે

અમદાવાદ,તા. ૪

ટ્રાન્સપોર્ટરોની હડતાળ આજે ચોથા દિવસે પણ જારી રહી હતી. વર્તમાન ટોલ વ્યવસ્થાને નાબૂદ કરવાને લઈને શરૂ થયેલી ટ્રકર્સની હડતાળથી એક બાજુ જરૂરી પુરવઠો ખોરવાઈ રહ્યો છે ત્યારે હવે આમા ચિંતા વધે તેવા ઘટનાક્રમમાં ખાનગી પેટ્રોલ પંપ અને ડિઝલ ડીલરો પણ મેદાનમાં આવી ગયા છે. સૌરાષ્ટ્ર ટ્રકર્સે પેટ્રોલ અને ડીઝલ પરિવહન અટકાવી દીધું છે. રિફાઈનરીઓથી સૌરાષ્ટ્રમાં પંપ સુધી પેટ્રોલ અને ડીઝલના પરિવહનનો સૌરાષ્ટ્રના ટ્રકર્સે ઈન્કાર કરી દીધો છે. રાજકોટ-ભુજ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના જનરલ સેક્રેટરી હાસુ ભાગડેનું કહેવું છે કે, સરકાર ઝુંકવા માટે તૈયાર નથી ત્યારે ખાનગી ટેન્કર માલિકોએ પણ પેટ્રોલ અને ડીઝલના પરિવહનને અટકાવી દેવાનો નિર્ણય કર્યો છે.

## ફટાફટ ન્યુઝ

- ચોક્કસ મર્યાદાથી વધુની રોકડમાં ખરીદી માટે પાન ફરજિયાત હશે
- નાની બચત સ્કીમ પર વ્યાજ બેંક થાપણ સાથે જોડી શકાય
- પાક દ્વારા ૧૦૦ ભારતીય માછીમારને પકડી લેવાયા
- ફેબ્રુઆરીમાં રેટમાં ફરી ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો થશે
- ભારત-આફ્રિકાની વચ્ચે આજે કટકમાં બીજી ટ્વેન્ટી-૨૦ મેચ
- શશાંક મનોહર BCCIના પ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયા
- પોકમાં ઘણા ત્રાસવાદી કેમ્પો સક્રિય છે : આઈબીનો દાવો
- મક્કા હોનારત : ભારતીયોના મોતનો આંકડો વધી ૫૮ થયો
- FPI દ્વારા ૬,૫૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવાયા
- ઇન્ફોસીસ માર્કેટ મુડીની દ્રષ્ટિએ ત્રીજા ક્રમાંકે રહી

